જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૪/૨૦૨૧ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૭૨૫/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૪૦૪ | 3 | ૧૧૪૦૭ | ૧૭૫૨૪ | 3 | ૧૭૫૨૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૬ | ૧ | ૪૭૦૭ | ૬૨૩૪ | ૦ | ૬૨૩૪ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૭૭ | ૦ | ૭૭ | ૨૮૭ | ૦ | ૨૮૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૩૭૪૦૧ | ૪૪૦ | ૩૭૮૪૧ | ૩૮૬૦૯ | ૪૧૩ | ૩૯૦૨૨ |
| | કુલ | ૫૩૫૮૮ | ૪૪૪ | ૫૪૦૩૨ | ૬૨૬૫૪ | ૪૧૬ | ૬૩૦૭૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૦ | ૬,૨૪,૧૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૪૮૧ | ૨૪,૮૧,000/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૭૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫ લીટર દેશી દારૂ અને ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૭૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૦ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૭૨૮/૨૦૨૧**

**અમરાઇવાડી** : મુલ્તાનજી ચુનીલાલજી પુરોહીત (ઉ.વ.૬૬)(રહે.હરભોળાનાથ સોસાયટી, રામરાજ્ય નગરની બાજુમાં, રામોલ) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૧ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી નાગરવેલ રોડ ઉપર આવેલ એસ.બી.આઇ બેંકની પાસે રોડ ઉપર એક મોટર સાયક્લ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી મુલ્તાનજી ની નજર ચુકવી તેમની મોટર સાયકલની ડેકીમાંથી એક બેગ કે જેમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૩,૦૪,૮૨૫/-, ચાંદીના દાગીના કિંમત રૂપીયા ૪૬,૬૦૮/- અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૪૧,૪૩૩/- ની મતા મુકેલ હતી તે બેગ ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૭૨૯/૨૦૨૧**

**અમરાઇવાડી** : રતનકુમાર શ્યામબહાદુરસિંગ રાજપુર (ઉ.વ.૩૪)(રહે.મણીલાલ મુખીની ચાલી, શ્રીરામ ડેરી પાસે પોસ્ટ ઓફીસ સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડાની છતમા લગાવેલ લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ લેતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા સાંજના ૪/૨૦ વાગે ફરજ પરના ડોક્ટર શ્રીએ રતનકુમારને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
લીસ કમિશનર વતી